# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૩ • તા.૩૦ માર્ચ થી ૫ એપ્રિલ ૨૦૨૪



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા ઉત્કૃષ્ટ કાર્ય

# જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS



RAJESH MOMAYA
9884149494


# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# દ્રષ્ટિ, ખામી અને ખૂબીઓ જોવાની

દરેક વ્યક્તિના બે પાસા હોય છે. ખરાબ અને સારા જે રીતે એક સિક્કાની બે બાજુ હોય છે. તેવી જ રીતે આ બન્ને પાસાને નજર અંદાજ ન કરવા જોઈએ. એ દરેક પાસાની નોંધ લઈ તેની ખાસિયત પ્રમાણે તેની સાથે વ્યવહાર કે વર્તણુક કરવી જોઈએ. ખરાબ પાસુ હોય એ બધી જ રીતે ખરાબ હોય એવું જરૂરી નથી. બીજી દ્રષ્ટિથી જોઈએ તો એમાં કંઈક સારું પાસું લાધવાનું જ. દરેક વ્યક્તિના સ્વભાવમાં ખામીઓની સાથે ખૂબીઓ હોવાની જ. પણ ખામીઓથી ખૂબીઓ ઢંકાઈ ગઈ હોય કે ખૂબીઓ નીચે ખામીઓ ઢબૂરાયેલી હોય તો તેને જાણવી જોઈએ. તેને ખણ ખોદ કરી બહાર કાઢવી જોઈએ.

ઘણા લોકોની ખાસિયત હોય છે કે સામેવાળાની ખામીઓ જ શોધવાની કે તેની ખામીઓને મોટી બનાવી તેને અન્ય સમક્ષ પ્રગટ કરવી કે તેની વાતોને અન્ય લોકો સમક્ષ જોર શોરથી મૂકવી. આ લોકોના દોષ જોવાનો તેને હાઈલાઈટ કરવાનો આપણો નકારાત્મક તરીકો છે. તો અમુક લોકો સામેવાળાની માત્ર સારી બાબત જોશે. લોકોની માત્ર સારી બાબતો જોવી, તેને ઉજાગર કરવી, અન્યો સમક્ષ મૂકવી એ હકારાત્મક અભિગમ છે જે સારી વાત છે. આ લોકો સૌને પ્રિય હોય છે. માત્ર ખરાબ આદત જોનારા લોકો આપણી ખૂબીઓ નહીં જુએ. શું આવડે છે એના કરતાં શું. નથી આવડતું, ક્યાં ખામી છે, દોષ હક્કીત છે. તેની વિષે ખણ ખોદ કરવી કોઈકનો સ્વભાવ હોય છે અથવા કાયમનું કાળું ચરિત્ર હોય છે. જે બદલી શકવાનો નથી. પણ આપણે એને નજર અંદાજ કરવું જોઈએ. તો જ આપણે પ્રગતિ જાળવી શકીશું. અન્યના બદ ઈરાદા કુટેવ પ્રત્યે ધ્યાન ન આપીએ એમાં જ આપણી ભલાઈ છે.

આપણા સમાજમાં ઘણા લોકો એવા હોય છે. જેમને કાંઈ ફરક ન પડે પણ અમુક નબળા મનના, અવઢવ પ્રકૃતિ ધરાવતા જલદી બીજાની વાતો પર, તેમના દ્વારા રજૂ થતાં બેફામ બણગાં ન ગણકારીએ એમાં જ આપણી કાયમની ભલાઈ છે. સારા વ્યક્તિત્વ ધરાવતા લોકો સામેવાળામાં શું ખૂબીઓ છે, તેનામાં શું આવડત છે, પ્રતિભા ધરાવે છે તેને પ્રોત્સાહિત કરે છે. સારા કામની પ્રશંસા અને ખરાબ કામની અવગણના કરનાર વ્યક્તિ સાધારણ નથી. કારણ કે જે સારું કરે છે તેના વખાણ કરવા સહેલા નથી. હર વખતે લોકોની ખામીઓ ગણી ગણીને શોધી કાઢવાથી સામેવાળાની ખામીઓ ઢંકાઈ જશે. પણ, ખામીઓ શોધનારની બદ આદતો, તેના ખરાબ ઈરાદા જરૂર ખૂલ્લા પડી જશે. જે સારું છે તેની પ્રશંસા કરવાથી તે વ્યક્તિનો ઉત્સાહ વધશે, કાર્યશૈલીમાં ઉછાળો આવશે. એ જરૂરી નથી કે દરેક વ્યક્તિની ખામીઓ શોધવી તેની અધૂરપ જ ખોજવી એ વ્યક્તિમાં કંઈ આવડત નથી તે જોવા કરતાં તેની ખૂબીઓ, ખાસિયતો પ્રત્યે જોઈશું તો સંબંધ પણ સુધરશે અને સ્નેહનો સેતુ પણ નિર્માણ થશે.

– જય જ્ઞાતિમૈયા

# પરીક્ષાનો પડકાર ઝીલી લઈએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

અભ્યાસક્રમના અંતે લેવાતી પરીક્ષાનો બોજ પ્રત્યેક વિદ્યાર્થી પોતાની ઉપર લે છે. જેમ જેમ કસોટીના દિવસો આવે તેમ તેમ મગજનું ટેન્શન વધતું જાય છે. પરીક્ષા અભ્યાસ કોર્સની હોય કે જીવન વ્યવહારની એનાથી ભયભીત થવાથી તેની ચિંતા માથા પર લેવાથી કંઈ થવાનું નથી. પરીક્ષા કાળમાં મન મગજ સ્થિતિ શાંત અને સ્થિર રાખવી જરૂરી છે. દરેક વિદ્યાર્થીઓને પરીક્ષાનો ભય વધતા ઓછા અંશે સતાવતો હોય છે જે સર્વ સામાન્ય બાબત છે. વિદ્યાર્થીના જીવનમાં પરીક્ષા અને ડર એક બીજાના પૂરક શબ્દો બનીને સંતાપે છે. ખરું કહીએ તો પરીક્ષા સમયે વિદ્યાર્થીએ હળવા અને હકારાત્મક રહેવું જોઈએ. ભયનો હાઉને લીધે આત્મવિશ્વાસ હાલક ડોલક થવા લાગશે. જેથી તેનું રીઝલ્ટ પર્ફોમન્સ પર પડશે. વાર્ષિક પરીક્ષા વર્ષમાં એક વાર હોય છે. જો ૩૬૪ દિવસ આપણે જે અભ્યાસ કર્યો છે. એની ઉપર ખાતરી હોય તો પરીક્ષાનો એક દિવસ સહેલાઈથી પસાર થઈ જાય છે.

પરીક્ષા એટલે વિદ્યાર્થી માટે યુધ્ધ પરિસ્થિતિ જેમ કુશળ લડવૈયો સામાન્ય સ્થિતિમાં પૂરેપૂરી રીતે તૈયાર થયેલ હોય તો પછી યુધ્ધ સમયે હતોત્સાહ થતો નથી. ધોરણ દસ અને બારના બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓના દિલના ધબકારાઓની ગતિ વધારી દેતી હોય છે. તેમાં વળી માતા પિતાની વધુને વધુ ટકાવારી લાવવાનું દબાણ પ્રેસર વધારે છે. જેને કારણે નબળા સબળા વિદ્યાર્થીઓ ડરના હાઉથી બીમાર પડી જાય છે. છૂપા ભયથી અસ્વસ્થ બની જાય છે. રિઝલ્ટની ચિંતામાં સરી પડે છે. જેની લીધે વાંચેલું વિસ્મૃત થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં ઘરના વડીલોએ કાળજી રાખી માનસિક સધિયારો આપવો જોઈએ. તેને હિંમત મળે, તેનો મનોબળ વધે એવી રીતે સાહજિકપણે વાતચીત કરવી જોઈએ પરીક્ષાના હોલમાં પ્રવેશતા પહેલા આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. વિશ્વાસ વગર કસોટી રૂપ નાવડી હાલક ડોલક થવા લાગશે. પોતાની મહેનત અને મગજની કાબેલિયત પર પૂર્ણ આત્મવિશ્વાસ હશે તો પ્રારંભિક લડાઈના પાયો મજબૂત થશે. પરીક્ષા પોતે જ પોતાની જાત સાથે લડવાની, વિશ્વાસની મદદથી જીતવાની અને ભૂલમાંથી શીખવાની એક મહત્વની કડી છે.

મોટી મોટી હસ્તીઓ, દુનિયાની શ્રેષ્ઠ સેલિબ્રિટીઓ ક્યારે પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શ્રેષ્ઠ સર્વોચ્ચ નથી બની પણ જીવનની દરેક પરીક્ષાઓમાં પોતાનું સર્વશ્રેષ્ઠ કૌવત દર્શાવી. હિંમત ભેર કોઈપણ પરિસ્થિતિનો સામનો કરીને સફળતા મેળવી છે. અભ્યાસક્રમની પરીક્ષા જ એક માત્ર પરીક્ષા નથી. જીવનમાં આવી અઢળક પરીક્ષાઓ પસાર કરવાની છે. જ્યાં કોઈપણ પ્રકારની કચાશ ચાલી શકે નહીં. અભ્યાસ પછી જીવન વ્યવહારમાં ડગલે પગલે પરીક્ષાઓ આવતી રહે છે. તેનાથી ડરવાથી કે નાસીપાસ થવાની કોઈ જરૂરત નથી. દરેક કસોટીમાંથી કાંઈક શીખવાનું મળે છે. તેનો બોધપાઠ ગ્રહણ કરી આગળ વધવું જરૂરી છે. સફળતાના શિખરે પહોંચવા શ્રમ અને શ્રધ્ધા-વિશ્વાસ જરૂરી છે. એટલે જ જ્ઞાનીઓ કહી ગયા છે કે સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49%
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું










શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા, ગુરૂવાર ૨૮મી માર્ચ ૨૦૨૪ ના રોજ, મુંબઈ અને તેની આસપાસ રહેતા દિવ્યાંગોને તેમના માતા-પિતા/કેરટેકર્સ સાથે લોનાવલાના પર્યટન અને જાત્રા માટે લઈ જવામાં આવ્યા હતા. દિવ્યાંગ સમિતિના માનદ અધ્યક્ષ કાશ્મીરાબેન લુઠીયા, માનદ ઉપાધ્યક્ષ નીનાબેન સાયલા, માનદ સેક્રેટરી શિલ્પાબેન અજાણી અને સમસ્ત મહાજનના કાર્યકર્તા મનીષભાઈ લોડાયા અને સ્વયંસેવિકા તરીકે જોડાયેલ ભાવનાબેન લોડાયા સહિત કુલ ૩૧ સહભાગીઓ આ પ્રવાસમાં જોડાયા હતા. ઘાટકોપર સ્ટેશન નજીક નીલકંઠ સ્ક્વેર માં એકત્રિત થયેલા સહભાગીઓને લઈને તરત જ બસ યાત્રાએ ઊપડી. 'અટલ સેતુ' ઉપરની ડ્રાઇવ ની મજા દિવ્યાંગો પણ માણી શકે તે માટે ખાસ એ રસ્તે બસ લેવામાં આવી.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું












વહેલી સવારના ખુશનુમાં વાતાવરણમાં, નદી ઉપર જેમ નાવડી સરકી જાય તેમ, એ.સી. બસ પર સવાર થઈને, અટલ સેતુ ઉપર સરકી જવાનો અનુભવ કંઈ ઔર જ હતો. અટલ સેતુ પર થઈને બસ આવી પહોંચી ખાલાપુર ટોલ પ્લાઝા પછીના ફૂડ મોલમાં. અહીં સહુ સહભાગીઓએ ગરમા ગરમ ચા-કોફી સાથે ચટાકેદાર નાસ્તાની મોજ માણી. ત્યાંથી નીકળીને બસ સીધી પહોંચી લોનાવલામાં આવેલ જયાનંદધામમાં. અધ્યાત્મમાં રમણીય વાતાવરણ અને બારીકાઈથી ઓપતું શિલ્પ તથા કોતરની કામ એ આ દેરાસરની વિશેષતાઓ છે. આ સુંદર ધામમાં મુનીસુવ્રત ભગવાન, પાર્શ્વનાથ ભગવાન અને નેમિનાથ ભગવાન બિરાજમાન છે.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું




અહીં સહુ સહભાગીઓએ પોતપોતાની ઈચ્છા મુજબ દર્શન તથા પૂજાનો લાભ લીધો. ત્યારબાદ દિવ્યાંગો નો સંઘ પહોંચ્યો શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ આરોગ્યધામ. અમુક સહભાગીઓએ પાર્શ્વપ્રભુ ના દેરાસરમાં દર્શન-પૂજા કર્યા. ખાસ આ યાત્રીઓ માટે તૈયાર કરવામાં આવેલ વિશેષ ભોજનથી તૃપ્ત થઈને, બપોરના તાપથી બચવા માટે, પહેલે માળે રીઝર્વ કરાયેલ એસી હોલમાં સહુ પહોંચ્યા. અહીં રમતોનો આરંભ થયો અને રમતગમતમાં વિજેતાઓને રોકડ ઇનામો આપવામાં આવ્યા હતા. દરેક દિવ્યાંગ પરિવારે પોતપોતાનો પરિચય અને સાથે સાથે પોતાના દિવ્યાંગ સભ્યની વિશિષ્ટ પ્રતીભાનો અંદાજ સહુને આપ્યો. હાલમાં સમિતિમાં સ્વયંસેવિકા તરીકે જોડાયેલ ભાવનાબેન લોડાયાએ (જેમની પોતાની બે કર્ણબધીર બહેનો છે), અન્ય કર્ણબધીર દિવ્યાંગો સાથે સાઈન લેંગ્વેજ દ્વારા વાર્તાલાપ કરવામાં મદદ કરી. અમુક દિવ્યાંગોએ પોતાના જાત અનુભવના આધારે અન્ય દિવ્યાંગોને મહત્વના સલાહ સૂચનો પણ આપ્યા જે ખૂબ જ માર્ગદર્શક અને પ્રેરક નિવડી શકે એવા હતા.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું




આ સંવાદથી મળેલા સધિયારા અને સંતોષની ભાવનાઓ દરેક દિવ્યાંગના ચહેરા ઉપર છલકાઈ રહી હતી. સમ્મેદ શિખરની જાત્રા કરી આવેલ કર્ણબધીર દંપતિ શ્રી નરેન્દ્ર ભાઈ તથા પ્રીતિબેન દંડની અનુમોદના કરવામાં આવેલ. શ્રીમતી નીનાબેન સાયલા તથા અમુક દિવ્યાંગ પરિવારો તરફથી પ્રભાવના પણ આપવામાં આવી. આખીયે ધોમધખતી બપોર ક્યાં વીતી ગઈ તેનો કોઈને ખ્યાલ પણ આવ્યો નહીં. બપોરનો ચા નાસ્તો ત્યાંજ કરીને બધા પહોંચ્યા નારાયણી ધામ. ધનકવાડી લોનાવાલામાં આવેલું નારાયણી ધામ મંદિર માતા નારાયણી (દુર્ગા) ને સમર્પિત છે. ૨૦૦૨માં બનેલાં આ ભવ્ય ચાર માળના મંદિરમાં ગણપતિ, હનુમાન અને અન્ય ઘણા દેવતાઓની મૂર્તિઓ પણ છે. અહીં દર્શન કરી યાત્રાળુઓ ફરી સાંજની આરતી અને ચૌવિહાર માટે પાછા ફર્યા સહસ્ત્રફણા આરોગ્ય ધામ. ઐરોલીના તૃપ્તિ નિલેશ હંસાબેન પટેલ દ્વારા બસ સ્પોનસર કરવામાં આવી. ઘાટકોપરના કરમસીભાઈ પીરે બપોરના ભોજન અને ચૌવિહારનો ખર્ચ ઊપાડ્યો હતો. સાંતાક્રુઝના ચંદનબેન મોમાયા, કાશ્મીરાબેન લુઠીયા તથા એક શુભેચ્છકે દાન નોંધાવ્યું હતું.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગો માટે લોનાવલા પર્યટન અને જાત્રાનું સફળ આયોજન થયું









એક શુભચિંતકે બધા જ સહભાગીઓને ગૂડીઝ બેગ આપી હતી તો બીજાએ દિવ્યાંગ માટે કેપ્સ ભેટ આપેલ. એક સાવ અજાણ્યા બહેને દિવ્યાંગોને જોઈને, પ્રભુ પ્રેરણાથી, તેમનાં માટેના આઇસ્ક્રીમ માટે તરત જ દાન કરેલ. શિલ્પાબેન અજાણીએ સહુને લોનાવાલાની સુપ્રસિદ્ધ વોલનટ ફજ, ચિક્કી તથા જેલીપીપરનું હેમપર ગિફ્ટ કરેલ. તેમના કાર-ડ્રાઈવર આ યાત્રામાં શરુઆત થી સતત સાથે જ હતાં અને જે સહભાગીઓ બસમાં ચડવા અસમર્થ હતા તેમણે આ કારમાં જ યાત્રા કરી. અમુક દિવ્યાંગોના પરિવારોએ પણ પોત પોતાના તરફથી, કંઇક ફાળો આપવાની હોંશથી, ખાનપાનની વસ્તુઓ સહુને ભેટ આપી હતી.





શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ આરોગ્યધામના પ્રબંધકોએ પણ દિવ્યાંગોની સગવડતા સચવાઈ રહે તે માટે ઘણી સુંદર વ્યવસ્થા કરી હતી. છેલ્લે જ્યાંથી બસ નીકળી હતી પાછી ત્યાં જ, ઘાટકોપર સ્ટેશન નજીક નીલકંઠ સ્ક્વેરમાં , સહુને લઈ જવાયા અને ત્યાંથી છૂટા પડી, પરોઢિયે છ વાગે ઘરે થી નીકળેલા સહુ મધરાત બાદ પોત-પોતાના ઘરે ગયા. સહુ કોઈ ઉપહાર તરીક આપેલી ભેટ સોગાદો સાથે-સાથે આ યાત્રાની અવિસ્મરણીય યાદોનો અનમોલ ખજાનો પણ લઈ ગયા. ઉત્સાહનું જે ભાથું આ યાત્રાએ પ્રવાસીઓને બંધાવ્યું છે તેનો પોઝિટિવ પ્રતિસાદ આ જ દિવસ સુધી દિવ્યાંગ સમિતિને સાંપડી રહ્યો છે.

|| શ્રી અનંતનાથાય નમઃ ||

|| નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ||

# પ્રથમ માસિક પૂણ્યતિથિ આવી ગુરૂદેવની આજ
# વંદન હો પૂ. ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મહારાજ



**ઓ ગુરૂદેવ ! આપ હતા**

ગુરૂ ગુણસાગરસૂરિના **વિનયવંત,**
ગુરૂ ગુણોદયસૂરિના **કૃપાવંત,**
ગુરૂ કલાપ્રભસૂરિના **આજ્ઞાવંત,**
વડીલ રત્નાધિકોના **વિવેકવંત,**
ગુરૂ બંધુઓના **લાગણીવંત,**
શિષ્ય પરિવારના **યોગક્ષેમવંત,**
સકલ સમુદાયના **વૈયાવચ્ચવંત...**







**ક્યાં ગયા ઓ ગુરૂદેવ...**
**નોંધારા મૂકી સદૈવ...**
વૈયાવચ્ચ ધર્મના અનુરાગી,
શિવપુર નગરના પથગામી,
દક્ષિણરત્ન હતા મહાતપસ્વી,
ઓ વાત્સલ્યવારિધિ ગુરૂદેવ,
આપની વિદાય સતાવશે સદાય...



ગત માસે મહા વદ ૮ ના પૂજ્યશ્રીએ લીધી ચિર વિદાય
ચતુર્વિધ સંઘના એ સ્તંભ સમ હતા ગુરૂ ગણિરાય
અચલગચ્છ સંઘના હતા આધાર આપ ગુરૂરાય
જિનશાસનના તપોનિધિ સિતારોઓમાં વિરલ કહેવાય...



- દક્ષિણ ભારતમાં અનેક સ્થાને વિચરણ કરી ચાતુર્માસ કર્યા...
- ડોંબિવલી સંઘમાં કર્યું અંતિમ ચાતુર્માસ...
- પૂના પાબલ છ' રિ પાલિત સંઘમાં નિશ્રા પ્રદાન...
- કરાડ ઓગલવાડી જિનાલયની ધ્વજારોહણમાં પધાર્યા...
- કુંભોજગિરીના જગવલ્લભ પાર્શ્વનાથની ભક્તિ મનભરી ને કરી માંગ્યું આવતા ભવે મહાવિદેહ થી મોક્ષધામ,
- સાંગલી સંઘની વર્ષગાંઠ પ્રસંગે પધાર્યા કર્મરાજાના કુર કુઠારા ઘાતે વેદનીય કર્મના ઉદયે પૂજ્યશ્રીએ આપણી વચ્ચેથી અકલ્પનીય વિદાય લઈ લીધી...

**ઓ ગુરૂવર ! આપના ગુણો... સંસ્મરણો...આપની વાણી રહેશે યાદ...**
**સાંભળજો અમ અંતરનાદ... વરસાવજો આશિષ અપાર...**
**પૂજ્યશ્રીનો આત્મા જ્યાં પણ હોય શિઘ્ર શિવગામી બને એવા શુભભાવો સહ...**

**લિ.**

**શ્રી થાણા ક.વિ.ઓ. દેરાવાસી જૈન સંઘ**
**શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘ (ચંદ્રપ્રભુ જિનાલય)**
**શ્રી ઓગલેવાડી કરાડ અચલગચ્છ જૈન સંઘ**
**શ્રી તીરૂપુર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (તામિલનાડુ)**
**શ્રી કોચીન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (કેરલા)**
**શ્રી કોઈમ્બતુર અચલગચ્છ જૈન સંઘ (તામિલનાડુ)**
**શ્રી ચૈન્નઈ અચલગચ્છ જૈન સંઘ (તામિલનાડુ)**
**શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલી (કર્નાટક)**
**શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘ**
**શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ**

**શ્રી અનંત ધર્મ પરિવારના સમસ્ત ગુરૂભક્ત પરિવાર**

BINITA S. MARU

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માઁ અંબાઈમાઁ ની
# ૨૪ મી વાર્ષિક સમૂહ પહેડી-૨૦૨૪

**પરમ શ્રદ્ધેય કુળદેવી અંબાઈમા ની સમૂહ પહેડી ચૈત્ર સુદ એકમ, ગુડી પડવા ના શુભ દિવસે મંગળવાર તા.૦૯/૦૪/૨૦૨૪ ના સવારના ૯.૦૦ વાગ્યાથી શ્રી મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (પ) ખાતે યોજવામાં આવેલ છે.**



**કાર્યક્રમની રૂપરેખા નીચે પ્રમાણે છે.**

★ સવારના ૯ કલાકે સમૂહ પહેડીની શરૂઆત
★ સવારના ૯ થી ૧૧ કલાકે માતાજીની સંગીતમય આરાધના-અર્ચના
★ સવારના ૧૧ કલાકે બહેનો ખેતરપાર જુહારવા જશે
★ સવારના ૧૧.૩૦ કલાકે માતાજીને થાળ ચડાવવા
★ સવારના ૧૧.૪૦ કલાકે માતાજીના સમૂહ પહેડીના જુહાર
★ સવારના ૧૧.૫૫ કલાકે માતાજીની આરતી
★ બપોરના ૧૨.૨૦ કલાકે બાલિકાઓ પ્રસાદ માટે પધારશે
★ બપોરના ૧૨.૨૫ મોતા પરિવારના યુવાઓનું શૈક્ષણિક સન્માન
★ બપોરના ૧૨.૪૦ કલાકે આવતા વર્ષે નવા ભુવાની પસંદગીના કાર્યક્રમની જાહેરાત/માહિતી તેમજ ટ્રસ્ટના કાર્યો બાબત જાણકારી
★ બપોરના ૧૨.૫૦ કલાકે સમૂહ પહેડીના લાભાર્થી પરિવારનું સન્માન તથા અન્ય સન્માન
★ બપોરના ૧ કલાકે માતાજીના દર્શન અને પ્રસાદ આરોગવા પ્રસ્થાન
★ બપોરના ૧ થી ૨ માતાજીના ગરબા, સમાપન.

**સમૂહ પહેડીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી વેજબાઈ ઠાકરશી મુલજી મોતા પરિવાર રાપર ગઢવારી-મુંબઈ/વાપીની અનુમોદના.**

**સૌ પરિવારજનોને સમયસર પધારી, કુળદેવીની અર્ચના, આરતી, ભકિતમાં જોડાવા વિનંતી છે.**

**પરિવારની નિયાણી બહેનોને ખાસ આમંત્રણ છે.**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨/૨૩ માં એસ.એસ.સી. કે તેની ઉપરની પરીક્ષા પાસ કરેલ પરિવારના યુવાઓનું સન્માન કરવામાં આવશે અતઃ યોગ્યતા ધરાવતા સૌને પોતે પાસ કરેલ પરીક્ષાના પરિણામની નકલ જરૂરી વિગત સાથે તા.૩૦ માર્ચ સુધી, શ્રી રમેશભાઈ મોતાને ૯૮૧૯૬૫૫૨૫૯ પર વ્હાટ્સઅપથી મોકલી આપવા વિનંતી છે.

ગત વર્ષ દરમ્યાન નવ્વાણું, માસક્ષમણ કે ઉચ્ચ તપ કરેલ હોય તો જણાવવા વિનંતી છે.

**શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા**
**ટ્રસ્ટીઓ**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર




લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧,

યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯


**શ્રી ભલારાદાદાની ૩૪મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા મંગળવાર તા.૯-૪-૨૦૨૪ના મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮ ફક્ત દડિયા પ્રસાદ રાખેલ છે. ચેતના હરિયા અને સાથી કલાકારો ભક્તિ સંગીતની રમઝટ બોલાશે. સર્વ ભાવિકોને પહેડી પ્રસાદ અને દર્શન વંદનનો લાભ લેવા વિનંતી.**

**પહેડી પ્રસાદના મુખ્ય લાભાર્થી પરિવાર**

**માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લધુભાઈ લાપસીયા પરિવાર (રવા-ચેંબુર)**

**માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર (બાંડીયા-ભાંડુપ)**

**(5 સ્ટાર કેટરિંગવાળા)**

## -: પહેડીના કાર્યક્રમની રૂપરેખા :-

**સાંજે ૫.00 વાગ્યાથી શ્રી ભલારાદાદાની તેમજ કુંભ સ્થાપના**

**સાંજના ૫.૧૫ થી ૫.૪૫ સુધી : શ્રી ભલારાદાદાની પહેડી જુહારવી**

**(સહકુટુંબ સમુહ પહેડીના લાભાર્થી પરિવારોને વાજતે-ગાજતે પહેડી જુહારવાનો લાભ મળશે)**

**સાંજના ૬.00 કલાક : શ્રી ભલારાદાદાની પ્રથમ આરતી**

**સાંજના ૬.૧૫ કલાકથી : શ્રી ભલારાદાદાના દર્શન અને દડિયા પ્રસાદ**

**રાત્રે ૮.30 કલાકે : મંગલ આરતી**

**વેલેટ પાર્કિંગ તથા યુટ્યૂબ લાઈવ રીલેની વ્યવસ્થા કરવામાં આવશે.**

## લાલપુર સ્થાને ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૨૧,૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૨૪ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

ધ્વજા મહોત્સવ દરમ્યાન ભોજનના લાભાર્થી પરિવાર

માતુશ્રી રાજબાઈ પદમશી મોતા કુવાપધ્ધર-હૈદ્રાબાદ હસ્તે જયશ્રીબેન ભરતભાઈ મોતા અને માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર, રાપરગઢવાળી-ભાંડુપ

લાલપુર સ્થાનકમાં થતી પૂજા માટેના વાર્ષિક નકરાઓ નીચે પ્રમાણે વહેલો તે પહેલોના ધોરણે લાભ અપાશે.

**પક્ષાલ પૂજાના રૂા.૧,૦૦,૦૦૦/-, તિલક પૂજા રૂા.૧,૦૦,૦૦૦/-, અખંડ દીપ રૂા.૧,૨૫,૦૦૦/-**

**ધૂપ આરતી રૂા.૧,૦૦,૦૦૦/-, પહેડી પ્રસાદ રૂા.૧,૨૫,૦૦૦/-, આરતી રૂા.૧,૨૫,૦૦૦/-,**

**શુક્રવારની પ્રસાદી રૂા.૧,૨૫,૦૦૦/-, ક્ષેત્રપાળ દાદા રૂા.૧,૨૫,૦૦૦/- નવગ્રહ પૂજા રૂા.૧,૨૫,૦૦૦/-**

વધુ વિગત માટે સંપર્ક : **સંપર્ક : કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮**

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર સર્વે ટ્રસ્ટીઓ વતીથી**

# સંજીવની કેસ નં.૧૩૮ માટે જરૂરી રૂા.૬.૬૦ લાખ માત્ર ૧૨ કલાકમાં જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગમાંથી કેસ પાછો લેવાયો

નલિયા બાર્શીના ૫૫ વર્ષીય ફતેહચંદ જે.શાહ નાગડા પહેલાંથી પલ્મોનરી હાર્ટ ડિસીઝથી પીડિત હતા. તેઓને શ્વાસની તકલીફ થતા બાર્શીની સોમાની હોસ્પિટલમાં દાખલ કરાયા. હાલમાં છાતીમાં ઈન્ફેક્શન અને રેનલ ફેલ્યોર સાથે સેપ્ટિસેમિયા હોવાનું નિદાન ડોક્ટરોએ કર્યું. જેના ઈલાજ માટે આઈસીયુમાં ૩ થી ૪ અઠવાડિયા રાખવાની જરૂરત હોવાનું ડોક્ટરો એ જણાવ્યું જે માટે અંદાજિત ખર્ચ રૂા.૬.૬૦ લાખ બતાવવામાં આવ્યું.

તેઓ પત્ની સાથે રહે છે. બાળકો નથી. તેમની પાસે હાલમાં કોઈ રોજગાર પણ નથી એટલે કમાણીનું કોઈ સ્રોત નથી. પત્ની ગૃહિણી હોવાની સાથે રોજીંદા ઘરખર્ચ રળવા માટે ઘરે ટ્યુશન લે છે. પરિવારની કોઈ બચત નથી અને વીમો નામંજૂર થવાને કારણે ચિંતિત હતા. આવી કપરી પરિસ્થિતિમાંથી બચાવ થાય એ માટે સંકટ સમયની સાંકળ એવી સમસ્ત મહાજનની સંજીવની યોજનામાંથી મદદ મળે એ માટે જરૂરી પુરાવાના કાગળ સાથે સવિસ્તાર અરજી કરી. જેનો અભ્યાસ અને એક્સ્પર્ટની સલાહને આધારે જોઈતી રકમ રૂા.૬.૬૦ જમા કરવા માટે આ કેસ ક્રાઉડ ફંડિંગ માટે મૂકાયો.

ખુશી સાથે જણાવીએ છીએ કે માત્ર ૧૨ કલાક સમય દરમ્યાન જ ઉદાર દિલ દાતાઓ, સંસ્થાઓ એ રૂા.૪.૮૪ લાખ અને રૂા.૧.૭૬ લાખ સંજીવની યોજનાના આશ્રય દાતા પેટ્રન તરફથી મદદ મળતા જરૂરી રૂા.૬.૬૦ લાખ ભંડોળ જમા થઈ જતાં સદર અરજી ક્રાઉડ ફંડિંગમાંથી પાછી લેવાઈ હતી.

આ સફળ યોજનાના સર્વે સહાયક દાતાઓ, પેટ્રન, મહાજન, સંસ્થા, એકમોના ઉદાર ભાવની વંદના કરી અનુમોદના કરીએ છીએ.

# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસર મધ્યે ફાગુન ફેરીનું આયોજન થયું





તા.૨૩ માર્ચ શનિવારે દક્ષિણ ભારતના તિરૂપુર નગરના સુવિધિનાથ દેરાસર મધ્યે શ્રી શ્વેતાંબર જૈન મંદિર તિરૂપુરના ટ્રસ્ટીઓ દ્વારા ફાગુન ફેરી કાર્યક્રમનું આયોજન ભવ્ય રીતે થયું. સદ્‌ભાગ્યે આજ દિવસે પ.પૂ.આચાર્ય શ્રી ઉદયપ્રભાસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ૮ની પધરામણી તિરૂપુર સંઘમાં થઈ ફાગુન ફેરી પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં ભવ્યતાથી સંપન્ન થઈ. સંઘના અંદાજે ૧૫૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓ સહભાગી થયાં હતા. ફાગુન ફેરી જાત્રા ૩ કલાક સુધી ચાલુ હતી છેલ્લે સૌ ને સેવ બુંદીનું ભાથું અપાયું હતું. જે ૧૦ લાભાર્થી સભ્યો તરફથી અપાયું હતું.

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કોઈમ્બતુરમાં મહારાજ સાહેબો પધરામણી કરતાં ભવ્ય સ્વાગત કરાયું



તા.૨૫ માર્ચ સોમવારના રોજ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની અસીમ કૃપાથી અચલગચ્છ સમુદાયના પ.પૂ.સાધ્વીશ્રી યશોદાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસકલાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ કોઈમ્બતુરની ધન્ય ધરા પર પધરામણી કરતા સંઘના શ્રાવક શ્રાવિકાઓ તથા સ્થાનિક ભાવિકજનોએ હર્ષપૂર્વક સામૈયું કાઢી સાહેબજીનું કેડીઓ ભવનમાં ભવ્યતાથી સ્વાગત કરેલ.

સંસારી પક્ષે બંન્ને દીકરી માતા છે અને જખૌના કેડીઓ છે. સાહેબજીનું ચાતુર્માસ તિરૂપુરમાં નિર્ધારીત છે. અત્રે કોઈમ્બતુર સંઘમાં થોડા દિવસોની સ્થિરતા છે. સંઘના ભાવિક ભાઈ બહેનો રોજ દર્શન, વંદન અને વ્યાખ્યાન વાણીનો ધન્ય લાભ લઈ રહ્યાં છે.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા પાલારા સેવાશ્રમનાં આશ્રિતોને નવા વસ્ત્રો અર્પણ કરાયા



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં ૬૦ માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનોને સંસ્થાના અગ્રણી જયેશભાઇ જૈન તથા પ્રવિણભાઇ લોડાયાના માર્ગદર્શન હેઠળ નવા ડ્રેસ અર્પણ કરાતાં સેવાશ્રમનાં માનસિક દિવ્યાંગોએ ખુશી વ્યક્ત કરી હતી.

ગ્રુપનાં અધ્યક્ષ વિપુલ પટેલ તથા ઉપાધ્યક્ષ વિરેન્દ્ર લોડાયાની આગેવાની હેઠળ ગોવિંદજી પટેલ, પ્રબોધ મુનવર, પ્રવીણ મોતા તથા કાર્યકર ભાઇ-બહેનોએ ઉપસ્થિત રહી અર્પણ વિધિ સંભાળી હતી.

માનસિક દિવ્યાંગ મહિલાઓને ઇમીટેશન, બંગડી, જેવી કટલેરી આઇટમો પણ અર્પણ કરાઇ હતી. આશ્રમ સ્થળે સૌ એ વાછરાદાદા મંદિરે દર્શન કરી માનવજ્યોત સંસ્થા ભુજની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# નલિયા તીર્થે પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.નો તા.૭ જુલાઈ રોજે ચાતુર્માસ પ્રવેશ નિર્ધારીત

નલિયા તીર્થ સંઘ મધે આષાઢ સુદ ૨ રવિવાર, તા.૭ જુલાઈના રોજે સલુણી સવારે ૭.૧૫ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ નિર્ધારીત થયેલ છે. આ શુભ પ્રસંગે સર્વે ગુરૂ ભક્તો શ્રાવક શ્રાવિકાઓને પધારવાનું ભાવપૂર્વકનું આમંત્રણ શ્રી નલિયા ક.દ.ઓ.જૈન સંઘ તરફથી અપાયેલ છે.

# સંજીવની ડાયમંડ પેટ્રન થનાર દાતાની ઉદારતા અને જ્ઞાતિ ભાવનાની અઢળક અનુમોદના




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંચાલિત કરાતી સંજીવની યોજના નાના, નબળા અને જરૂરિયાતવાળા જ્ઞાતિ પરિવારોને આકસ્મિક બીમારીની આપદામાંથી સુરક્ષિત રીતે મદદ કરતી યોજના છે. આજ સુધીના લગભગ ૧૩૮ કેસ અરજીનો ઉકેલ ચપટી વગાડતા સમય દરમ્યાન આવી ગયો છે. આ સફળતા ઉદાર દિલ દાતાઓ, મહાજનો, ટ્રસ્ટ એકમોને કારણ છે. પરોપકારનો અર્થ છે પરમાર્થ. બીજાઓની ભલાઈ કરવી તેમને બનતો સાથ આપ્યો. મનુષ્યનો ધર્મ છે નાત જાત, ધર્મ, સંપ્રદાય જાણીતા કે અજાણીતાને મદદરૂપ થયું. એ જ તો માનવ ધર્મ છે. બીજાના સુખમાં પોતાનું સુખ જોવું. એટલે જ તો કહ્યું છે કે માનવ સેવા એટલે પ્રભુ સેવા, દીનદયાળુ પ્રભુના નજીક જવા પહેલા દીનજનોને દિલની નજીક લાવવા પડે. આવી ઉચ્ચતમ ભાવના હૈયે ધરી શ્રી જખો રત્નટૂંક જૈન દેરાસર, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તથા ટ્રસ્ટ જખૌ અને શતકોતર અમૃત મહોત્સવ સમિતિ એ રૂા.૧ લાખનું ઉદાર અનુદાન આપી સંજીવન ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયા છે. ઉજવણીના યાદગાર ઉત્સવને આનંદ, ઉલ્લાસમય બનાવવા નિમિત્ત બનાર મહાજન ટ્રસ્ટ તથા સમિતિના સૌ સભ્યોની ઉદારભાવનાની સરાહના કરતા અનુમોદના કરીએ છીએ.

# રચના મહિલા મંડળનો આ વર્ષનો ત્રીજો પ્રોગ્રામ સાનંદ સંપન્ન થયો





તા.૨૩ માર્ચ શનિવારના વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ મુલુંડમાં રચના મહિલા મંડળનો આ વર્ષનો ત્રીજો કાર્યક્રમ યોજાયો. સૌ પ્રથમ નવકાર મંત્ર પઠન કરી શરૂઆત થઈ. બધા સભ્યોને રંગ લગાડીને હેપી હોલીની શુભેચ્છા પ્રદાન કરી સૌનું સ્વાગત કરાયું. ચોકલેટ અને પતાસા આપી મીઠું મોંઢું કરાવાયું. હોળીનું ડેકોરેશન કરેલ ત્યાં બધાએ સેલ્ફી પાડીને યાદગીરી સાચવવાનો આનંદ માણ્યો.

કાર્યક્રમમાં શ્રીમતી ચેતનાબેન હરિયા બધાને અવનવી રમતો રમાડી હતી. જે સૌ એ મોજ મસ્તી આનંદથી માણી હતી. નાના મોટા ૪૫ જેટલા સભ્યો ઉમળકાભેર ભાગ લીધો હતો. ઈનામ, સરપ્રાઈઝ અને લક્કી ડ્રો રાખવામાં આવેલ. જેમાં ઘણા સભ્યોને ઈનામનો લાભ મળ્યો હતો. હોળીની ઉજવણી કરી, અલ્પાહાર અને ઠંડાઈને ન્યાય આપયા પછી સૌ બનતી જલ્દીથી ફરી મળવાના વાયદા સાથે છૂટા પડ્યાં હતાં.

# લોડાયા ભાવિક સંઘ હૈદ્રાબાદ દ્વારા લોડાયા ગૌત્રની કુળદેવી શ્રી સચ્ચાઈ માતાની સામૂહિક પેડી તા.૧૪ એપ્રિલના



લોડાયા ભાવિક સંઘ હૈદ્રાબાદ દ્વારા લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાની ૨૦મી સામૂહિક પેડી યોજવા બાબતે તા.૨૪ માર્ચ રવિવારે સવારે ૧૧ કલાકે રામકોટ સ્થિત કચ્છી ભવનામાં મિટીંગ યોજાઈ. જેમાં સર્વ સંમતિથી નિર્ણય લેવાયો કે આગામી ચૈત્ર સુદ છઠ રવિવાર તા.૧૪ એપ્રિલ રોજે સવારે ૯.૩૦ કલાકે લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાની ૨૦મી સામૂહિક પેડી તથા પ્રસાદનું ભવ્ય આયોજન કરાશે. લોડાયા ભાવિક સંઘના સદસ્ય લહેરચંદ લોડાયા તથા ખુશાલચંદ લોડાયાએ આ વિગત અખબારી યાદી દ્વારા આપી છે. પ્રચાર સંયોજક રિધ્ધિશ જાગીરદાર વધુ માહિતી આપતા જણાવ્યું કે આ અવસરે વિવિધ માંગલિક કાર્યક્રમ આયોજન કરાશે. જેમાં સવારે ૯.૩૦ કલાકે માતાજીની પ્રતિમાની સ્થાપના, ૧૦ વાગે માતાજીની ભવ્ય પેડી, મહાઆરતી તથા મહાપ્રસાદીનું આયોજન કરાશે. સામૂહિક પેડીનું આયોજન છેલ્લાં ૧૯ વર્ષોથી અવિરત કરાય છે. સંપૂર્ણ પેડી અથવા સંપૂર્ણ પ્રસાદીનો લાભ લેવા ઉત્સુક એ કાર્યકારીણીના સભ્યોનો સંપર્ક કરે.

મિટીંગમાં જયા જાગીરદાર, રશ્મિ રાજેશ લોડાયા, લહેરચંદ લોડાયા, ખુશાલ લોડાયા, ગિરીશ લોડાયા, રાજેશ લોડાયા, રિધ્ધિશ જાગીરદાર, ગૌતમ લોડાયા, લહેરચંદ લોડાયા, પલ્લવી ખુશાલ, હંસા લહેરચંદ, ધારિણી પારસ લોડાયા, પૂનમ પ્રીતેશ ઈત્યાદી ઉપસ્થિત રહ્યાં હતાં અને ચર્ચામાં સક્રીય ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સૂચન જણાવ્યા હતા.

# શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનના પ્લોટ ઉપર મહારાજ સાહેબની પાવન પધરામણી થઈ








શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવન પ્લોટ ઉપર તા. ૨૭ માર્ચ ૨૦૨૪, બુધવારના શુભ દિવસે અચલગચ્છઅધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.પ.પૂ.ગણીવર્ય શ્રી રાજરત્ન સાગર મ.સા આદિ ઠાણા ૫ ના પાવન પધરામણી સહ મંગલ પગલાં આ શુભ અવસરે શ્રી દશા ઓશવાલ જ્ઞાતિની પરંપરાગત મુજબ ગુરૂદેવોનું સંગીતમય સામૈયુ તેમજ ગુરૂ વંદના રાખવામાં આવેલ.

ગુરૂદેવના કેસર દ્રવ્યના શુભ શુકનથી શુભ પગલાં કરાવતા પ્લોટ ઉપર પધરામણીની સાથે પૂજ્યશ્રી ગુરૂદેવનું સંગીતમય સામૈયું કરી સ્વાગત કરવામાં આવેલ. ગુરૂવંદન પૂ.ગુરૂદેવનું માંગલિક અને ત્યારબાદ મહાજનશ્રી દ્વારા કેસર ચોખાથી વધાવવામા આવ્યા. ગુરૂદેવોને કામ્બલી, વાસક્ષેપનો બટવો પ.પૂ.મુનિરાજ શ્રી ભદ્રંકર સાગરજી મ.સા.ના સંયમ જીવનના ૩૩ મા વર્ષ પ્રવેશની અનુમોદનાર્થે પછેડી વ્હોરાવવામાં આવેલ.

શ્રી કેડીઓ મહાજનશ્રીના હાજર સર્વે જ્ઞાતિજનો સભ્યો દ્વારા ચાંદીના કળશ મુદ્રાથી ગુરૂપૂજન અન્ય મહાત્માઓ માટે વુડનની બોલપેન અર્પણ કરાયેલ. શેઠ રાયચંદ ધરમશી ભવનના શિલાન્યાસ માટે સુવર્ણ રજતની શીલા રૂપી ઈંટો ઉપર ગુરૂદેવે વાસક્ષેપ કરી શુભ આશીર્વાદ આપ્યા બાદ સર્વ મંગલ કરવામાં આવેલ.

## ભાવભીની શ્રદ્ધાંજલિ




મધુકાંતભાઈ મોતા
તા.૨૫ માર્ચ (ઉ.૭૨)
મોટી ધુફી-મુંદ્રા



વીણાબેન મૈશેરી
તા.૨૬ માર્ચ (ઉ.૬૭)
નાની સિંધોડી-મુંબઈ




રિતેશભાઈ છેડા
તા.૨૬ માર્ચ (ઉ.૪૯)
સુજાપુર-ઈંદોર



પદમશીભાઈ લોડાયા
તા.૨૭ માર્ચ (ઉ.૯૦)
સાંઘવ-કલકત્તા



કમલાબેન ધરમશી
તા.૨૭ માર્ચ (ઉ.૭૧)
કોઠારા-નાગપુર



હરીશભાઈ દંડ
તા.૩૦ માર્ચ (ઉ.૬૯)
હુબલી-તેરા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● સિંધી કિતાબ ઘરની સિંધ સલામત ડોટ કોમ નામે ઈ લાયબ્રેરી પર સૌથી વધારે જે લેખકોના પુસ્તકો વંચાયા તે યાદીમાં બન્ની કચ્છના સિંધી લેખક કલાધર મુતવાનું નામ પણ સમાવેશ પામ્યું છે. આ રીતે તેમણે વાંચન રસિકોમાં એક પ્રકારે આંતરરાષ્ટ્રીય સ્તરે બહુમાન પ્રાપ્ત કર્યું છે. આ વેબ સાઈટ પર હિન્દ સિંધ તથા વિશ્વના સિંધી સાહિત્યકારોના ૨૩૪૫ પુસ્તકો અપલોડ થયાં છે.

● આજથી ૧૫ વર્ષ અગાઉ જાહેર કરાયેલા ભુજ નલિયા બ્રોડગેજ વિસ્તરણ પ્રોજેક્ટને આખરે મોડે મોડે પરવાનગી મળતા રૂા.૮૦૦ કરોડના જંગી ખર્ચે અત્યારે ધમધોકાર કામ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૪ના અંતે બ્રોડગેજ રેલ દોડતી થવાની સંભાવના છે. જેના લીધે અબડાસાના વિકાસના નવા દ્વાર ખૂલશે. લાઈન પરના નલિયા, કોઠારા, મોથાળાના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ અદ્યતન પ્રકારના બની રહ્યાં. આ સિવાય ભુજ આવતી કે ભુજથી ઉપડતી ટ્રેનો ગોપાલ પુરી સ્ટોપ કરીને સીધી ભચાઉ નીકળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રેલવેની યોજના છે. ગાંધીધામથી આદિપુરના ચાર ટ્રેકનું કામ પ્રગતિમાં છે. અંદાજે દોઢ સો કરોડના હાલમાં ગોપાલ પુરી સ્ટેશનનું કામ જોડી દેવાયું છે. જે ધારણા પ્રમાણે આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪-૨૫માં પૂર્ણ થશે.

● અબડાસા તાલુકાનું નાનકડું ગામડું કનકપર ઘાસ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનીને અનેક ગામોને રાહ ચીંધે છે. ગામના પશુધનમાં વર્ષના કપરા દિવસોમાં ઘાસ માટે ક્યાંય હાથ ફેલાવાની જરૂરત ન પડે એવું આયોજન ગામની દરેક વ્યક્તિ ગૌચર પ્લોટમાં ઘાસ એકત્ર કરવાની ઝુંબેશમાં જોડાઈને પોતાનું કામ જાતે કરી એના સંદેશો આપી દરેક ગામના લોકો માટે પ્રેરણા આપે છે. વરસાદ માટે તરસતા કચ્છ જિલ્લામાં ઘાસની તંગી સર્જાતી હોય છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવા કનક પર ગામ પહેલ કરીને દરેક ગામને પોતે આત્મનિર્ભર બને તેવી શીખ આપે છે. ગામમાં ૩૫૦ પશુધન છે. ગોચરની ૫૨ એકર જમીનમાં ૧૦-૧૦ એકરના પ્લોટ બનાવાયા છે. જ્યાં વૈજ્ઞાનિક પધ્ધતિથી ઘાસના બિયારણનો છંટકાવ કરી ધામણ, જીંજવો, કરડ સહિતના ઘાસનું મોટું ઉત્પાદન થાય છે.

● એક વખતનું વેપારી મથક, સિંધ, પારકરનું બારું ભવ્ય દિવ્ય નગરી રાપર તાલુકાનું બેલા આજે તેનો ભગ્ન ભવ્ય ભૂતકાળ સાચવવા વિસરાતો વારસો બચાવવા ફાંફા મારી રહ્યું છે. સ્થાપત્યના ઉત્તમ નમૂના રૂપ કોટ કિલ્લા ઊંચી રાંગ વગેરે ભૂકંપની કારમી થપાટો ખાધા પછી અડીખમ ઊભા છે. જો પુરાત્વ ખાતા દ્વારા તેની સંભાળ લેવામાં નહીં આવે તો આ અમૂલ્ય વારસો નેસ્તાનાબૂદ થાય તેવી ભીતિ વ્યક્ત કરાય છે. પાંચસો વર્ષ પહેલાં ગેડીના વિસાજી વાઘેલા એ આ ગામનું તોરણ બાંધ્યું. ત્યારબાદ આ ઉત્તમ સ્થાપત્યનું નિર્માણ થયું. માત્ર પથ્થરોના જ બેનમૂન બાંધકામથી બનેલા આ ગઢ મિનારા, ઝરૂખા, ઉતુંગ રાંગ, દરવાજા, કમાનો બેલાનો ભવ્ય ભૂતકાળ ધરબીને ઊભા છે. જે હવે જાળવણી માંગી રહ્યાં છે. તાલુકા મથક રાપર કરતાં મોટું બેલાગામથી ભૂતકાળમાં સિંધ, પારકર, બનાસકાંઠા વગેરે જગ્યાએ માલ પરિવહન થતું હતું.

● રાષ્ટ્રીય સ્તરના ટીસ્કા મિસ ઈન્ડિયા અને મિસિસ ઈન્ડિયા વન ઈન અ મિલેનિયમ સ્પર્ધા દિલ્હી ખાતે યોજાઈ હતી. જેમાં સ્પર્ધાના સ્કિન મેન્ટોર તરીકે તેમજ ફાઈનલમાં જજ તરીકે ઉપસ્થિત રહેવા માટે ગાંધીધામના જાણીતા સ્કિન ડોક્ટરને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જાણીતા ડર્મેટોલોજિસ્ટ ડૉ.કાયનાત અંસારી આથાને જ્યુરી જજ તરીકે તેમજ સ્પર્ધાના સ્કિન મેન્ટોર તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. ગત વર્ષે મિસિસ ઈન્ડિયા વન ઈન અ મિલેનિયમમાં સ્પર્ધક તરીકે તેમણે ભાગ લીધો હતો. જેમાં ત્રણ ટાઈટલના વિજેતા બન્યા હતા.



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA